**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૧ ટકા

# શહેરમાં શ્રાધ્ધ પર્વે રોજ ૫,૦૦૦ લીટર દૂધની માંગમાં વધારો

## શ્રાધ્ધ પર્વમાં નોમથી અમાસ સુધીમાં ૭૫,૦૦૦ લીટર દૂધનો વપરાશ થશે

### શ્રાધ્ધ પર્વમાં દૂધની સામગ્રી/વાનગી કેમ ઉપયોગમાં લેવામાં આવે છે?

દૂધપાક એ પિતૃદોષની સાથે પિત્ત અને વાયરસનો નાશ કરે છે. વર્ષાઋતુમાં ખાટા, તીખા, ગરમ પદાર્થ ખાવાથી તે પેટમાં ઢંકાઈ રહેવાથી તેના ઉપરથી ભાદરવાનો તાપ પડે છે જેથી શરીરમાં પિત્ત ગરમી વધે છે જેના કારણે જીવાણુઓ એક્ટિવ થાય છે આવું લગાતાર ચાર દિવસ કે તેથી વધુ રહેતાં જીવાણુઓ કે વાયરસ શરીરમાં ફેલાય છે. અને તાવ જેવા રોગો ઉત્પન્ન કરે છે. ભાદરવામાં પિત્ત વધતું હોવાથી મચ્છરજન્ય મેલેરિયા, ડેન્ગ્યુ, વાહકજન્ય બિમારી થઈ શકે છે. જે નાથી દેવા માટે શરીરની અંદર ઠંડક કરવી જરૂરી છે. આ ઠંડક એટલે પિત્તનું નિયંત્રણ. ભાદરવાની ગરમીમાં દૂધપાક ખાવા સામેના વૈજ્ઞાનિક કારણો પણ છે. પિત્તના નિયંત્રણ માટે કડવો, તૂરો, મધુર રસનો ઉપયોગ કરવો જોઈએ. જે માટે ઘી અને દૂધ વધુ ઉત્તમ ગણાય છે. પિતૃદોષ, પિત્તન શમન માટે ભાદરવા માસમાં પાછળના પખવાડીયામાં શ્રાધ્ધનો મહિમા બતાવેલો છે. જે પખવાડીયા દરમિયાન સાતથી આઠ વખત દૂધપાક ખાવામાં આવે છે. જે સાથે ઘીના મોણવાળી રોટલી કે પૂરી ખાવામાં આવે છે જેથી પિત્તનું શમન થાય છે અને શરીરમાં ગરમી થવા દેતું નથી. જેથી પિત્તને કારણે ચડતો શ્વાસ, મચ્છરજન્ય રોગો થવા દેતું નથી.



ગાંધીનગર, તા.૨૭

શ્રાધ્ધપર્વમાં દૂધના વપરાશમાં ૫૦૦૦ લીટરનો વધારો થયો છે. શહેરમાં સામાન્ય દિવસોમાં દૂધનો વપરાશ ૬૫,૦૦૦ લીટર સુધી રહે છે જે શ્રાધ્ધ પર્વ નિમિત્તે ૭૦,૦૦૦ લીટર દુધ સુધી પહોંચ્યો છે એટલે કે ૫,૦૦૦ લીટર દુધના વપરાશમાં વધારો જોવા મળીરહ્યો છે તેવું દૂધ મંડળી તરફથી જણાવવામાં આવ્યું હતું. ઉપરાંત નોમથી અમાસ સુધીમાં એકંદરે ૭૫,૦૦૦ લીટર દુધનો વપરાશ થવાની જાણકારી મળી છે.

શ્રાધ્ધ પર્વમાં દૂધની બનાવટનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. દૂધને ચંદ્રની સાથે સરખાવવામાં આવે છે. પિતૃઓને તૃપ્ત કરવા દૂધપાક અને દૂધની બનાવટનો શ્રાધ્ધમાં વિશેષ ઉપયોગ થાય છે. કાગવાસ પણ દૂધ અને ભાતના મિશ્રણથી નાંખવામાં આવે છે. શ્રાધ્ધ પર્વમાં દૂધની વિવિધ વાનગીઓ જેમ કે દૂધપાક, ખીર, બાસુંદી, રસમલાઈનો વિશેષ ઉપયોગ થાય છે. ત્યારે આ દૂધની વાનગીઓ જ કેમ ઉપયોગમાં લેવામાં આવે છે તે પણ એક પ્રશ્ન છે.

સામાન્ય દિવસોમાં પણ દૂધપાક હંમેશા માટીના, કાંસાના કે પિત્તળના વાસણમાં જ રાખવો જોઈએ અને તેને ચાંદીની ચમચીથી હલાવવો જોઈએ જેથી તેની શીતળનના ગુણમાં વધારો થાય. ભાદરવા માસમાં દૂધપાક બનાવવામાં કેસરમાવાનો ઉપયોગ ખૂબ જ ઓછો કરવો જોઈએ જયારે ઈલાયચી, જાયફળ, ચારોળી, ખડી સાકરનો ઉપયોગ કરવો હિતાવહ છે. દૂધમાં ગાયનું દૂધ શકિત, બુધ્ધિ, સ્મૃતિ, રકત તેમજ દેહકાંતિ, તેજ વધારનારું, વાયરસનો નાશ કરનારું, વયસ્થાપક, મધુર, શીત, વાનુકરણ અને આયુષ્યકારક હોવાથી તેનો ઉપયોગ કરવો.

# પરમ પૂજય સંતશ્રીની શિક્ષાપત્રી કથામાં મેઘાણી ગીતો ગૂંજયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં પ.પૂ. સંતશ્રીની શિક્ષાપત્રી કથામાં મેઘાણી ગીતો ગુંજયા હતા. ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત સંશોધિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનોની રમઝટ બોલાવી હતી. જેમાં ગુજરાત રાજયના પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, પૂર્વ નાણામંત્રી બાબુભાઈ મેઘજી શાહ, ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી, એન.પી. પટેલ, શૈલેશભાઈ સાવલીયા, આયોજકો યુવરાજસિંહ જાડેજા, ભૂપતસિંહ વાઘેલા અને લાભુભાઈ રાવલની ઉપસ્થિતિ હતી. આ કથા દરમિયાન રાજયના વન અને પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણા, શિક્ષણ મંત્રી કીર્તિસિંહ વાઘેલા, અમિતભાઈ ઠાકર, રૂચિરભાઈ ભટ્ટ, દેવેન્દ્રસિંહ, જી.જી. જશાણી, બી.એ. ચુડાસમા, સૈયદ, મનિષભાઈ શાહ, એ.પી. ગઢવી, એચ.એલ. રાવત, એચ.પી. ઝાલા, મહેન્દ્રસિંહ જાડેજા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# સેકટર-૨૩માં પોસ્ટ ઓફિસ મકાન બનાવવાની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૨૩માં ગુજરાત સરકારે પોસ્ટ ઓફિસનું મકાન બનાવેલ છે જે ઘણા વર્ષોથી કાર્યરત રહ્યું છે. આ મકાનને તોડી નવા મકાન બનાવવાની વિચારધારાથી પોસ્ટ ઓફિસની હાલની સેવાઓ અન્યત્ર ખસેડાશે તેવી માહિતીને કારણે સે-૨૩ના સિનિયર સિટીઝનો ખૂબ જ નારાજ અને ચિંતિત છે. તેથી સેકટર-૨૩ના વસાહતીઓની માંગ છે કે આ મકાન તોડવાનું આયોજન સરકાર કરતી હોય તો ટૂંક સમય માટે અન્ય સરકારી મકાન પોસ્ટ ઓફિસ માટે તાત્કાલિક ભાડેથી આપવાની કાર્યવાહી કરવી જોઈએ. તથા નવું મકાન બને ત્યાર બાદ જ આ જુનું મકાન તોડવામાં આવે તેવી માંગ વસાહતીઓએ કરી છે. જો સેકટર-૨૩ની પોસ્ટ ઓફિસને અન્ય સેકટરમાં શિફટ કરવામાં આવશે તો સે-૨૩ની વસાહતી સોસાયટીના પદાધિકારીઓની સંકલન સમિતિ બનાવીને ગાંધી ચિંધ્યા માર્ગે જાહેર હિતમાં સત્યાગ્રહ કરવામાં આવશે તથા આગામી ચૂંટણીનો બહિષ્કાર પણ કરાશે તેવું જણાવવામાં આવ્યું હતું.



વોર્ડ નં.૭ વાવોલ કોલવડા ભાજપ ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડના ઉમેદવારોએ જોગણી માતાના મંદિરમાં જઈને ભગવાનના આશીર્વાદ લીધા હતા. વોર્ડના ઉમેદવાર શૈલેષભાઈ પટેલ, સોનલબા વાઘેલા, પ્રેમલસિંહ ગોલ, કિંજલબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૨૪ રંગમંચ ખાતે નિઃશુલ્ક નિયમિત યોગ કલાસ



ગાંધીનગર, તા.૨૭

સેકટર-૨૪ રંગમંચ ખાતે નિઃશુલ્ક નિયમિત યોગ કલાસમાં હર્ષાબેન સંતોલા દ્વારા ઝુમ્બા ડાન્સ યોગ કરવામાં આવ્યો હતો. આ યોગ કલાસમાં સિનિયર સિટીઝન મોટી સંખ્યામાં જોડાયેલા છે. તેઓએ ખૂબ જ સરસ રીતે ડાન્સ યોગમાં ભાગ લીધો હતો. હર્ષાબેન મેવાડા તરફથી પૌષ્ટિક મિકસ કઠોળનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ફતેપુરા સ્કૂલમાં શ્રાધ્ધ નિમિત્તે ફુડ પેકેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મણીબેન, મીનાબેન, પ્રમુખ નરેન્દ્રભાઈ, ઉપપ્રમુખ દીપકભાઈ તેમજ પરિવારના સભ્યોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## કિશોરીઓ માટે સેટકોમ કાર્યક્રમ દ્વારા માર્ગદર્શન નિહાળો

ગાંધીનગર, તા.૨૭

રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત મંગળવારે બપોરે ૨.૦૦ થી ૨.૩૦ કલાકે 'મારી કેડી હું જાતે કંડારું-કિશોરાવસ્થામાં જીવન કૌશલ્ય' વિષય પર વંદે ગુજરાત ચેનલ-૧ પર સેટકોમ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ પૂર્ણ દિવસની ઉજવણી અંતર્ગત બનાવવાનો હોવાથી દરેક કિશોરીઓએ આ કાર્યક્રમ નિહાળી આંગણવાડી કાર્યકરને કાર્યક્રમ અંતર્ગત અભિપ્રાયો, ઓડિયો, વિડીયો મેસેજ કાર્ડ દ્વારા મોકલવા જણાવાયું હતું. ચોથા મંગળવારે 'હેન્ડ વોશીંગ હરિફાઈ'નું પણ આયોજન કરેલ છે. જેમાં સહભાગી થવા જણાવાયું હતું.

## સરકારી ઈજનેરી કોલેજમાં સાપ્તાહિક નેશનલ વેબીનાર સીરીઝનું સમાપન

ગાંધીનગર, તા.૨૭

સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગરના મેટલર્જી વિભાગ ખાતે "સ્વતંત્રતાનું અમૃત મહોત્સવ"ના આયોજન ભાગ રૂપે સાપ્તાહિક નેશનલ વેબીનાર સીરીજ "પ્રોસેસિંગ એન્ડ કેરકટરાઈઝેશન ઓફ મટિરિયલ્સ" ૨૦૨૧નું આયોજન આઈઆઈએમ (ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેટલસ) બરોડા ચેપ્ટરના સંયોજન થી તારીખ ૨૦ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમિયાન કરાયું હતું. જેનો મુખ્ય હેતુ સહભાગીઓને મટિરિયલ્સની આધુનીક પ્રક્રિયા અને તેના વિવિધ કેરકટરાઈઝેશન વિષયનું તજજ્ઞનો દ્વારા તાલીમ આપવાનું હતું. નેશનલ વેબિનાર સીરીઝના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકોએ તાલીમ આપી હતી. આ સીરીઝનું ઉદઘાટન ડૉ. શ્વેતા દવે, ડૉ. આઈ.બી. દવે, ડૉ. એસ. કહાર, ડૉ. નીરવ જમનાપરાના હસ્તે કરાયું હતું. જેમાં ભારતની વિવિધ એનઆઈટી, ઈજનેરી કોલેજો, યુનીવર્સીટીઓ અને ઈન્ડસ્ટ્રીઓ ખાતેથી ૯૦ સહભાગીઓએ ભાગ લીધો હતો.





સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓન લાઈન ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી૪ ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનો ઉત્સાહ રજૂ કર્યો હતો.

## એસ.વી. સ્કૂલમાં 'નોન ફાયર કૂકિંગ ડે' યોજાયો






ગાંધીનગર, તા.૨૭

એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં ઓનલાઈન 'નોન ફાયર કૂકિંગ ડે' યોજાઈ ગયો, જેમાં નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી.ના બાળકોએ પોતાની મમ્મી સાથે મળીને ચોકલેટ બોલ, ખજૂર રોલ, ભેળ, ચાટપૂરી, કેક, કાજુકતરી, ખાખરાપિઝા, મોનેકોપિઝા, ઓરિયોશેક, ચોકલેટ મોદક અને અંજીર રોલ જેવી વસ્તુઓ બનાવી હતી. શિક્ષિકાઓએ બાળકોને આ તમામ વસ્તુઓ ખાવાથી શું લાભ થાય છે, તે સમજાવ્યું હતું. બાળકોએ પણ પોતે પોતાની મમ્મીને આ વસ્તુ બનાવવામાં કઈ રીતે મદદ કરી, તેનું વર્ણન કર્યુ હતું. બાળકોએ ઓનલાઈન કલાસમાં આ પૌષ્ટિક નાસ્તો કરી, ઉજાણીની મજા માણી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૬૨ વાલીઓને અપાઈ શિશુવિકાસના સિદ્ધાંતોની સમજ

ગાંધીનગર, તા.૨૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિશુનિકેતન દ્વારા ૨૬મી સપ્ટેમ્બરે પરિવાર પ્રબોધન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકો સાથે આવેલા ૬૨ વાલીઓને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહે શિશુઓના વિકાસ અને ઉછેર અંગે સમજ આપી હતી.



કોરોના બાદ લાંબા સમય પછી પ્રત્યક્ષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. માતા સરસ્વતીની પ્રાર્થના સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. કુલપતિ હર્ષદભાઈ શાહે તમામ વાલીઓને શિશુવિકાસના સિદ્ધાંતો સમજાવ્યા હતા અને શિશુઓનો ઉછેર કેમ કરવો તે અંગેની સમજ આપી હતી. કુલપતિ હર્ષદભાઈ શાહે વાલીઓને માતૃભાષાનું મહત્વ સમજાવતાં કહ્યું કે બાળકોનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ થવું જોઈએ. અન્ય ભાષામાં પ્રાથમિક શિક્ષણથી બાળકો પર ભારણ વધી જાય છે. શિશુનિકેતનના આચાર્યા દિવ્યાબેન રાવલે કાર્યક્રમનું સંચાલ કર્યું હતું. તેમણે બાલગીતો સાથે ભૂલકાંને ગમ્મત કરાવી હતી.





## સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘની ટીમ દ્વારા જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૭

સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ સંચાલિત ચાઈલ્ડલાઈન ૧૦૯૮ની ટીમ અને ગાંધીનગર તથા કલોલ રેલવે સંભાળ પોલીસના સ્ટાફના સહયોગથી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રેલવે સ્ટેશનો પર જનતાને પડતી મુશ્કેલીઓમાં મદદરૂપ બનવા માટે કાર્યક્રમ કર્યો હતો. તેમાં જનતાને રેલવેની મદદ માટે ૧૩૯ અને બાળકને મદદરૂપ થવા ચાઈલ્ડલાઈન ૧૦૯૮ હેલ્પલાઈન નંબરની સમજ આપી હતી.





એસ.કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં માસ્ક મેકિંગ એક્ટિવિટી કરાઈ હતી. જેમાં બાળકોએ ઓનલાઈન ક્લાસમાં અલગ અલગ પ્રકારના કાર્ટૂન માસ્ક કાગળમાંથી બનાવ્યા હતા. આ એક્ટિવિટીમાં બાળકોએ ખૂબ જ આનંદ અનુભવ્યો હતો.

વોર્ડનં.૮ કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પ્રચાર ઝુંબેશ ચાલી રહી છે. જેમાં કોંગ્રેસના ઉમેવારોને ખૂબ આવકારો મળી રહ્યો છે. વરસાદી માહોલમાં પણ ઉમેદવારો દ્વારા પૂરજોશમાં ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડ ઉમેદવારો રાકેશભાઈ પટેલ, મીનાબેન ઠાકોર, તુષારભાઈ આસોડિયા, કુંતલબેન રાવલ તથાક ોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. સોલંકી બાલસંગ વજેસંગ**, ઉ.વ. ૭૦, દોલતાબાદ, તલોદ
- **સ્વ. રાઓલ સંગ્રામસિંહ ઘનશ્યામસિંહ**, ઉ.વ. ૩૫, લાકરોડા, માણસા
- **સ્વ. પ્રજાપતિ જીવીબેન શંકરલાલ**, ઉ.વ. ૭૦, વાવોલ
- **સ્વ. શર્મા સુધા ગંગાચરણ**, ઉ.વ. ૮૨, શાહીબાગ, અમદાવાદ

## જન્મદિને વધામણી



જયદીપ ચૌહાણ
મો. ૯૯૯૮૮ ૧૦૩૫૩



નટવરલાલ ટી પરમાર
મો. ૯૪૨૬૭ ૭૯૧૫૩



ઝંકૃતિ ચંદ્રકાન્ત રાવલ
મો. ૯૭૨૬૧ ૬૬૧૧૩



પારૂલ નિખિલ બક્ષી
મો. ૯૮૨૪૦ ૬૦૧૨૯



દિવ્યરાજસિંહ સંજયસિંહ ચંપાવત
મો. ૯૪૨૬૯ ૦૧૫૧૭



યશ ગૌરાંગ પટેલ



દર્શિત મિલનભાઈ રાજ્યગુરુ
મો. ૯૮૨૫૩૬૨૬૪૧

## સેકટર-૧૩ બી વસાહત મંડળ નવરાત્રી મહોત્સવના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૧૩-બી પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળ નવરાત્રી મહોત્સવના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે હિતેશભાઈ પાઠક, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, જયદિપસિંહ એસ. રાઠોડ, મંત્રી તરીકે ભરતભાઈ વી. સોની, સહમંત્રી તરીકે ભરતભાઈ પ્રજાપતિ, વિપુલભાઈ પટેલ, સંદિપભાઈ પાટીલ, મુકેશભાઈ પટેલ, ખજાનચી તરીકે દશરથભાઈ પ્રજાપતિ, જોઈતાભાઈ પ્રજાપતિ તથા આંતરિક ઓડિટર તરીકે ચંદ્રકાન્ત પટેલની વરણી કરાઈ હતી.